# Government Arts College Bhesan



Bimonthly Newsletter

Vol. 3, No. 1
July-Aug 2023

## From Principal's Desk

The months of July and August were the months of full fledged learning, activities, sports and much more. Under Saptdhara we had celebrated sports day to inculcate sportsmanship and develop physical and mental stability. Under NSS we had celebrate Independence Day and arrange tree plantation and cleanliness drive.

It was proud movement for all of us as India launched Chandrayan 3 on the south of the Moon. To commemorate the same we had arrange lecture and other activities to join the glory of India. We too had celebrated expert lecture on Gujarati Literature and World Entrepreneurship for developing students multi-disciplinary approach. To enhance the reading skill we had arranged library orientation programme for new comers and book-exhibition for all college students.

We, with the complete dedication and energy filled the minds of the students with knowledge, confidence and positivity. We wish to work ahead with the same attitude.

**Dr. Yogeshkumar V. Pathak**
**Principal,**
**Government Arts College- Bhesan**

Model College
Dept. of Higher Education
Government of Gujarat
Est. 2012

Funded by RUSA
(Rashtriy Uchch Siksha Abhiyan)

Recognized 2(f)
UGC Affialated to BKNMU, Junagadh

N.S.S. Unit

Finishing School
***

Saptadhara
***

UDISHA

Swami Vivekananda Study Center

SSIP Center

Placement Cell

## Table of Contents


ગુરુપૂર્ણિમા ઉજવણી....3
જિલ્લા કક્ષાની સંસ્કૃત વકતૃત્વ સ્પર્ધા....3
વ્યાખ્યાન - ચંદ્રયાન ૩....4
Library Orientation....6
પુસ્તક પ્રદર્શન....6
ABC ID Registration Camp....7
ગુજરાતી સાહિત્ય વ્યાખ્યાન....8
વૃક્ષારોપણ....9
પંચ પ્રણ પ્રતિજ્ઞા....9
વિશ્વ સિંહ દિવસ....11
સ્વતંત્રતા દિન....11
વૉલીબૉલ....13
વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ....14
બઢતી/સ્વાગત સમારંભ....15
રસ્સાખેંચ પ્રતિયોગિતા....16
સંસ્કૃત દિવસ....16
Achievements....18




Government Arts College

Bhesan

Bimonthly Newsletter

Vol. 2, No. 6
May-June 2023

Principal's Desk.

"How vain it is to sit down to write when you have not stood up to live."

– Henry David Thoreau

The Month of May and Half of the June are the time of vacation and I firmly agree with American philosopher Thoreau that life really begins when you live it amid the nature. I hope all my teachers and students would have explored the nature by visiting various places in the vacation.

The new term began on 15 th of June 2023. We welcomed the students of first semester to our college and made them aware about National Education Policy (NEP), subject selection and co-curricular activities carried out along with the study throughout the year. Our college celebrated two events spreading the awareness of Yoga. The "SURYA NAMASKARA" on 17 th June and "WORLD YOGA DAY" on 21 st June. All the lecturers and the students participated in the events enthusiastically.

The journey begins now. We are very keen to teach the syllabus and arrange extra activities for the students for their development in the new academic year.

My efforts and wishes are always with you.

Dr. Yogeshkumar V. Pathak
Principal.
Government Arts College- Bhesan

Model College
Dept. of Higher Education
Government of Gujarat
Est. 2012

Funded by RUSA
(Rashtriy Uchch Siksha Abhiyan)

Recognized 2(f)
UGC Affalated to BKNMU, Junagadh

N.S.S. Unit

Finishing School

Saptadhara

UDISHA

Swami Vivekananda Study Center

SSIP Center

Placement Cell



Government Arts College

Bhesan

Bimonthly Newsletter

Vol. 1, No.
Mar-Apr 202

From Principal's Desk

I am immensely proud that we are achieving what we have set as a goal as we end the academic year. Our plan bears expected results in curricular as well as co-curricular activities.

The chief event was 'The Farewell Function' of the last year students. First and Second year students arranged all the decoration, cultural events, feedback speeches and refreshment in a quite impressively and enthusiastically. Singing, dancing, speeches had filled the hall with happiness and we could see the inner talent hidden in students. I congratulate T.Y. students for their bachelor degree and with them bright future for further study.

Another very responsible task was the university examination. We have successfully conducted the exams of 4th and 6th semester. Our staff has offered their service as Exam co-coordinator at Bhakta Kavi Narsinh Mehta University and also as squad team in various colleges. I am very pleased for our staff members' active participation in examination at college as well as university level.

I wish all the staff members happy, healthy and fruitful vacation.

Dr. Yogeshkumar V. Pathak
Principal,
Government Arts College- Bhesan

Model College
Dept. of Higher Educati
Government of Gujara
Est. 2012

Funded by RUSA
(Rashtriy Uchch Siksha Abhiyan)

Recognized 2(f)
UGC Affalated to BKNMU, Junaga

N.S.S. Unit

Finishing School

Saptadhara

UDISHA

Swami Vivekananda Stu
Center

SSIP Center

Placement Cell

## ગુરુપૂર્ણિમા ઉજવણી

ગુરુ અને શિષ્યના પવિત્ર સંબંધના મહિમાને દીપાવતા તારીખ ૦૩ જુલાઈ ૨૦૨૩ ના રોજ સરકારી વિનયન કોલેજ, ભેંસાણ મુકામે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ. વાય. વી. પાઠક સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતું. પ્રસ્તુત કાર્યક્રમ કોલેજના પ્રાર્થના હોલમાં ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો જેમાં કોલેજના હિન્દી વિષયના અધ્યક્ષ ડૉ. સંજય એલ બંધીયા, તેમજ સંસ્કૃત વિષયનાં અધ્યક્ષ ડૉ. અજય એલ જોષી દ્વારા જીવનમાં અલગ-અલગ તબ્બકે ગુરુના મહત્વ વિશે વ્યાખ્યાન આપવામાં આવ્યું. શાસ્ત્રો અનુસાર ગુરુ શબ્દ બે શબ્દો મળીને બન્યો છે. 'ગુ'થી તાત્પર્ય અંધકાર અને અજ્ઞાત થાય છે અને 'રૂ'થી તાત્પર્ય દૂર કરવા અથવા હટાવવા થાય છે. આમ દરેક માનવીના જીવનમાં અજ્ઞાનતાના અંધકારને દૂર કરવા માટે ગુરુનું હોવું જરૂરી છે તે વાત રજુ કરીને ગુરુપૂર્ણિમા અથવા વ્યાસ પૂર્ણિમાનું મહત્વ સમજાવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં કોલેજનો સ્ટાફગણ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમની ઉત્સાહભેર ઊજવણી કરવામાં આવી હતી.

## જિલ્લા કક્ષાની સંસ્કૃત વકતૃત્વ સ્પર્ધા

ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ, બીલખા દ્વારા તારીખ ૮ જુલાઈ ૨૦૨૩ માં સંસ્કૃત વાંગમય અંતર્ગત જિલ્લા કક્ષાની સંસ્કૃત વકતૃત્વ સ્પર્ધાનુ આયોજન બીલખા મુકામે આનંદ આશ્રમમાં થયેલ હતું. આ સ્પર્ધામાં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો, પ્રસ્તુત સંસ્કૃત વકતૃત્વ સ્પર્ધામાં S.Y. B.A. sem. 3 માં અભ્યાસ કરતા ક્રિનાબેન



ગોહેલ સંસ્કૃત સાહિત્યની કૃતિ અભિજ્ઞાનશાકુંતલમમાં દ્વિતીય ક્રમ તેમજ ટ્વીંકલબેન મારડીયા સંસ્કૃત સાહિત્યના સર્જક તરીકે આદ્યગુરુ શંકરાચાર્ય વિષય પર દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી સરકારી વિનયન કોલેજ ભેંસાણનું ગૌરવ વધારેલ છે. સંસ્કૃત વાંગમય કાર્યક્રમના માર્ગદર્શક તરીકે કોલેજના સંસ્કૃત વિષયના અધ્યક્ષ ડૉ એ. એલ. જોશી દ્વારા વિશેષમાર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ આ તકે ભેસાણ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. યોગેશકુમાર વી. પાઠક સાહેબ, વાઈસ પ્રિન્સીપાલ ડૉ. સરોજબેન નારીગરા તથા સમગ્ર સ્ટાફ મિત્રોએ વિજેતા વિદ્યાર્થિઓને અભિનંદન પાઠવ્યા હતા.

## વ્યાખ્યાન – ચંદ્રયાન 3

ISRO દ્વારા હાથ ધરાયેલ પ્રોજેક્ટ ચંદ્રયાન-3 અંતર્ગત સરકારી વિનયન કોલેજ, ભેસાણ મુકામે તારીખ ૧૫ જુલાઈ ૨૦૨૩ ના રોજ ચંદ્રયાન-૩ પ્રોજેક્ટ વિશે વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં મુખ્ય વક્તા તરીકે કોલેજના સમાજશાસ્ત્ર વિષયનાં ડૉ. સચિન પીઠડીયા દ્વારા વિષયને અનુરૂપ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. પ્રસ્તુત વ્યાખ્યાનમાં ચંદ્રયાન-3 ના લેન્ડર, રોવર અને પ્રપોલ્શન મોડ્યુલની કાર્ય વિશે માહિતી આપવામાં આવી હતી આ ઉપરાંત ચંદ્રયાન-3 નો ઉદેશ્ય, હેતુ, મહત્વ, ઉપયોગીતા વિશે પણ માહિતગાર કાર્ય હતા તેમજ ISRO સંસ્થા વિશે પણ માહિતી પ્રદાન કરી હતી. પ્રસ્તુત વ્યાખ્યાનમાં સમગ્ર કોલેજ પરિવાર ઉપસ્થિત રહી ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## Library Orientation

કોલેજ ગ્રંથાલયમાં રહેલ સમૃદ્ધ સાહિત્યના વધુમાં વધુ વિસ્તરણ તેમજ ઉપયોગ થાય એ હેતુસર તા. ૧૧ જુલાઈ ૨૦૨૩ ના રોજ સરકારી વિનયન કોલેજ, ભેસાણના ગ્રંથાલય મુકામે લાઈબ્રેરી ઓરીએન્ટેશનનુ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત પ્રોગ્રામનો મૂળ હેતુ ૨૦૨૩-૨૪ ના વર્ષમાં F.Y. B.A. માં પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓને ગ્રંથાલય પ્રણાલી તેમજ ગ્રંથાલય વાતાવરણથી રૂબરૂ કરાવવાનો

રહ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન સરકારી વિનયન કોલેજ, ભેસાણના આચાર્યશ્રી ડૉ. યોગેશકુમાર વી. પાઠક સાહેબના માર્ગદર્શન દ્વારા કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત કોલેજમાં નવોદિત વિદ્યાર્થીઓને ગ્રંથાલયની વિવિધ કાર્યપ્રણાલી જેવી કે પુસ્તક આપ-લે, સાહિત્યની ગોઠવણી, સંદર્ભ ગ્રંથ, દૈનિક સમાચારપત્રો, વિવેકાનંદ સાહિત્ય, મેગેઝીન, ઓપન એક્સેસ વગેરે વિશે તેમજ ઇસ્યુ-રીટર્ન-રીન્યુ, સાહિત્ય લોન સમય, દૈનિક ક્લીપીંગ વિશે ગ્રંથપાલશ્રી નીતિન જે. ગજેરા દ્વારા માહિતી આપવામાં આવી હતી. પ્રસ્તુત



કાર્યક્રમનો મુખ્ય ઉદેશ્ય કોલેજમાં આવેલ નવોદિત વિદ્યાર્થીઓમાં વધુમાં વધુ ગ્રંથાલયમાં રહેલ સંગ્રહનો ઉપયોગ થાય એ ભાવના કેળવવાનો રહ્યો હતો.

## પુસ્તક પ્રદર્શન

સરકારી વિનયન કોલેજ, ભેસાણના ગ્રંથાલય વિભાગમાં તા. ૧૨ જુલાઈ ૨૦૨3 ના રોજ પુસ્તક પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત પુસ્તક પ્રદર્શન ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા સાહિત્યિક અંતર્ગત કોલેજને પ્રદાન કરેલ પુસ્તકોનુ યોજવામાં આવેલ હતું. ઉપરોક્ત કાર્યક્રમનું માર્ગદર્શન સરકારી વિનયન કોલેજ, ભેસાણના આચાર્યશ્રી ડૉ. યોગેશકુમાર વી. પાઠક સાહેબના



માર્ગદર્શન દ્વારા કરવામાં આવ્યું હતું. પુસ્તક પ્રદર્શનનું આયોજન ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રદાન કરેલ પુસ્તકોના કોલેજ બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવા માટે થયું હતું. પુસ્તક પ્રદર્શનનુ આયોજન કોલેજના ગ્રંથપાલશ્રી નીતિન જે ગજેરા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી તેમજ વિદ્યાર્થી મિત્રોએ બહોળા પ્રમાણમાં ભાગ લીધો હતો.

## ABC ID Registration Camp

તારીખ ૨૭ જુલાઈ ૨૦૨૩ ના રોજ સરકારી વિનયન કોલેજ, ભેસાણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર એકેડમીક બેંક ઓફ ક્રેડીટ(ABC ID) રજીસ્ટ્રેશન કેંપ યોજાયો હતો. જેમાં કોલેજના સમાજશાસ્ત્ર વિષયનાં ડૉ. સચિન પીઠડીયા દ્વારા વિદ્યાર્થીઓને ABC ID પ્રેક્ટિકલ રજીસ્ટ્રેશન કરાવી ABC ID વિશે માહિતી આપી આ કેંપનુ માર્ગદર્શન કોલેજના આચાર્ય ડૉ. યોગેશકુમાર વી. પાઠક સાહેબ દ્વારા આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ABC ID રજીસ્ટ્રેશન કરાવી ગ્રામીણ વિસ્તારમાં સરકારશ્રીની ડિઝીટલ ઈન્ડિયાની પહેલને આગળ વધારી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ની Blended Learning, CBSC જેવી પદ્ધતિ સાથે વિદ્યાર્થીઓને સામેલ કરવાનો પ્રયત્ન કર્યો હતો.




## ગુજરાતી સાહિત્ય વ્યાખ્યાન

સરકારી વિનયન કોલેજ, ભેસાણમાં ગુજરાતી ગઝલનું રસ નિરૂપણ વિષય પર તારીખ 3 ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ વ્યાખ્યાનનુ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,

લીલીયાના ગુજરાતી વિષયના અધ્યાપક ડૉ. કેતન કાનપરિયા દ્વારા પોતાના વ્યાખ્યાનમાં




ગઝલ સાહિત્ય સ્વરૂપમાં રદીફ, કાફિયા, મક્તા-મત્લા, કન્વર્ટિબલ, ડિબેન્ચર, પ્રેફરન્સ વગેરે શેરના પ્રકાર ઉપરાંત હાઇકુ-દેહ, સોનેટ, આગળ ઇશ્ક હકિકી, મિજાજે ઇશ્ક નું વિશેષ વ્યાખ્યામાં સુંદર નિરૂપણ કર્યું હતું. કલાપી, બેફામ, શૂન્ય પાલનપુરી, મરીજ, અમૃત ઘાયલ રમેશ પારેખ વગેરેની ગઝલ પંક્તિઓની સ્મૃતિ કરાવી હતી. આ તકે સમગ્ર કોલેજ પરિવાર ઉપસ્થિત રહીને વ્યાખ્યાન સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## વૃક્ષારોપણ

સરકારી વિનયન કોલેજ ભેસાણમાં તા.૦૯ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ ‘ આઝાદી કા અમૃત મહોત્સવ’ “मेरी मिट्टी मेरा देश” અભિયાન અંતર્ગત કોલેજ પરિસરમાં



વૃક્ષારોપણ કરવામાં આવ્યું. વૃક્ષોએ મનુષ્યના સાચા મિત્ર છે. વૃક્ષ પાસેથી માનવ જાતિએ ઘણું શીખવાનું છે. પરોપકાર એ વૃક્ષની એક આગવી વિશેષતા છે. માણસને સતત ઓક્સિજન નામનો પ્રાણવાયુ વૃક્ષો આપે છે. તેથી દરેક વ્યક્તિએ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવવું જ જોઈએ જેના અનુસંધાનમાં સ્વાધ્યાય પ્રવૃત્તિના પ્રણેતા પ્રયોગવીર પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી દાદાજી કહે છે “વૃક્ષમાં વાસુદેવ, છોડમાં રણછોડ અને ક્યારામાં કૃષ્ણ” જ્યારે દેખાવા લાગે ત્યારે માણસ નિસર્ગપ્રેમી બની જશે. આ સમગ્ર કાર્યક્રમની પ્રેરણા તથા માર્ગદર્શન સરકારી વિનયન

કોલેજ ભેંસાણના આચાર્યશ્રી ડો. યોગેશકુમાર વી. પાઠક સાહેબ દ્વારા આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના N.S.S પ્રોગ્રામ ઓફીસર ડો. સંજય એલ. બંધીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સમગ્ર કોલેજ પરિવાર ઉપસ્થિત રહી ઉત્સાહભેર વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

## પંચ પ્રણ પ્રતિજ્ઞા

સરકારી વિનયન કોલેજ, ભેસાણમાં તા.૧૦ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ 'આઝાદી કા



અમૃત મહોત્સવ' અંતર્ગત "મેરી મિટ્ટી મેરા દેશ" અભિયાન હેઠળ કોલેજના વિદ્યાર્થિઓ તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા માતૃભૂમિ ની પવિત્ર માટી હાથમાં લઇ પંચ પ્રણની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનુ માર્ગદર્શન ડૉ. યોગેશકુમાર વી. પાઠક દ્વારા આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના N.S.S પ્રોગ્રામ ઓફીસર ડૉ. સંજય એલ. બંધીયા દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવામાં સમગ્ર કોલેજ પરિવારે મહત્વનો ફાળો આપ્યો હતો.

## વિશ્વ સિંહ દિવસ

તારીખ ૧૦ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ સરકારી વિનયન કોલેજ, ભેસાણમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન ડૉ. સરોજબેન એ. નારીગરા દ્વારા આપવામાં આવ્યું હતું તેમજ ડૉ. વિશ્વજીત એ. કવા દ્વારા પ્રાસંગિક વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. જેમાં સિંહ દિવસનો ઈતિહાસ, સિંહનું પ્રાકૃતિક રહેઠાણ, ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સિંહ, ગીરનું ભૌગોલિક મહત્વ તેમજ સિંહ વિશેની

ગેરમાન્યતાઓ વગેરે વિશે માહિતી આપી હતી તેમજ સિંહના રક્ષણ માટે કોલેજમાં સિંહ વિશે વિશેષ ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી હતી અને સિંહના સંરક્ષણ અને સંવર્ધન માટે કોલેજના 125 જેટલા વિદ્યાર્થીઓ અને 15 જેટલા સ્ટાફ મિત્રો મળી કુલ 140 જેટલા કોલેજ પરીવાર્ર દ્વારા સિંહ




સંરક્ષણ અને સંવર્ધન મહારેલીમાં ભાગ લીધો હતો. કોલેજ પ્રટાંગણમા સિંહના સંરક્ષણ, સંવર્ધન અને જાગૃતિ માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અત્રેની કોલેજના ઇતિહાસ વિષયનાં વડા ડૉ. વિશ્વજીત એ. કવા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સ્વતંત્રતા દિન

સરકારી વિનયન કોલેજ, ભેસાણમાં રાષ્ટ્રના રાષ્ટ્રીય પર્વ નિમિતે આચાર્યશ્રી ડૉ. યોગેશકુમાર વી. પાઠક સાહેબ દ્વારા સરકારી વિનયન કોલેજ, ભેસાણ મુકામે ધ્વજારોહણ કરી સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી તેમજ સર્વે કોલેજ પરિવારનું મો-મીઠું



કરવામાં આવ્યું હતું. સ્વતંત્રતા પર્વ નિમિતે સરકારી વિનયન કોલેજ, ભેસાણના આચાર્યશ્રી ડૉ. યોગેશકુમાર વી. પાઠક સાહેબ દ્વારા દેશની આઝાદી માટે યોગદાન આપનાર મહાત્માઓ/સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાન અને સમર્પણની

ઝાંખી કરવામાં આવી હતી. આજના દિવસે NSS યુનિટ દ્વારા સાંકૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા અલગ-અલગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. સ્વાતંત્ર્ય પર્વ ઉત્સવ નિમિતે સમગ્ર કોલેજ પરિવાર સહર્ષ ઉપસ્થિત રહ્યો હતો.

## વૉલીબૉલ

સરકારી વિનયન કોલેજ, ભેસાણમાં તારીખ 18 ઓગસ્ટ 2023 ના રોજ યોગ વ્યાયામ ખેલકૂદ ધારા અંતર્ગત વોલીબોલની રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં રમત પ્રત્યે જાગૃતતા વધે તેમ જ રાજ્ય કક્ષાએ તેમજ વિવિધ સ્પોર્ટ્સની સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ ભાગ લેતા થાય એ રહ્યો હતો. રમતગમતથી વિદ્યાર્થીઓમાં ખેલદિલી તથા શારીરિક ક્ષમતાનો પણ વિકાસ થાય છે જેને અનુસરીને સરકારી વિનયન કોલેજ, ભેસાણમાં S.Y. B.A અને T.Y. B.A ના વિદ્યાર્થીઓ વચ્ચે વોલીબોલની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં T.Y. B.A ના વિદ્યાર્થીઓની ટીમ વિજય બની હતી. આ સમગ્ર કાર્યક્રમની પ્રેરણા તેમજ માર્ગદર્શન સરકારી વિનયન કોલેજ, ભેસાણના આચાર્યશ્રી ડૉ. યોગેશકુમાર વી. પાઠક સાહેબ તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન યોગ, વ્યાયામ અને ખેલકૂદ ધારાના કોર્ડીનેટર ડૉ. સંજય એલ. બંધિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમજ સફળ બનાવવામાં સમગ્ર સ્ટાફ પરીવાર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.



## વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ

સરકારી વિનયન કોલેજ ભેસાણમાં તારીખ 21 ઓગસ્ટ 2023 ના રોજ સ્વદેશી જાગરણ મંચ દ્વારા તેમજ કોલેજના N.S.S વિભાગ તથા SSIP-Innovation કલબ દ્વારા "વિશ્વ ઉદ્યોગ સાહસિકતા" દિવસની ઉજવણી




કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વ્યવસાયમાં કેવી રીતે આગળ વધી શકે?, વિદ્યાર્થીઓને સાહસ સ્થાપતા સમયે ધ્યાનમાં રાખવા જેવી બાબત જેવી બાબતો અંગે માર્ગદર્શન આપવાનો રહ્યો હતો. આ હરણફાળ સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થી કેવી રીતે પોતાનો બિઝનેસ શરૂ કરી શકે તથા પોતાની આજીવિકા કેવી રીતે મેળવી શકે તે વિશેનું સફળ માર્ગદર્શન ભેસાણના ઉદ્યોગપતિ શ્રીમનસુખભાઈ વોરા, પત્રકાર શ્રીગોપાલભાઈ ભેસાણીયા, તથા જેનીસભાઈ ભાયાણી દ્વારા આપવામાં આવ્યું હતું. તેમજ આ તકે કોલેજના SSIP-Innovation ક્લબના કો-ઓર્ડીનેટર ડૉ. પંકજ બી. સોલંકી દ્વારા આ પ્રકલ્પ અંગે વિશેષ સમજ તેમજ વિદ્યાર્થીઓ પોતાના આઈડિયાઓ કોલેજ મારફત સરકાર સમક્ષ રજુ કરી સરકારશ્રી દ્વારા SSIP તેમજ Innovation અંતર્ગત આર્થિક સહાય મેળવી શકાય તેની વિસ્તૃત ચર્ચા સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ બહોળા પ્રમાણમાં જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન ડૉ. સંજય એલ. બંધિયા તેમજ ડૉ. પંકજ બી. સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની આભાર વિધિ કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. પી. વી. ગુરનાણી સાહેબ દ્વારા કરવામાં આવી હતી.

## બઢતી/સ્વાગત સમારંભ

સરકારી વિનયન કોલેજ, ભેસાણમાં ફરજ બજાવતા અને કામગીરી ફેરબદલીથી સરકારી વિનયન કોલેજ, રાણાવાવમાં કાર્યરત શ્રી રીણાભાઈ કે. કોડીયાતરની બઢતી સાથે મૂળ જગ્યા પર નિમણુક થતા તા. ના રોજ શ્રી રીણાભાઈ કે કીડીયાતર અત્રેની કોલેજ પર સિનિયર કારકુન તરીકે હાજર થયેલ છે. શ્રી રીનાભાઈ કે કીડીયાતરનું તા. ૨૩ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું. શ્રી રીણા ભાઈ કે કીડીયાતર અત્રેની કોલેજ પર સીનીયર ક્લાર્ક તરીકે હાજર થતા સમગ્ર કોલેજ પરિવાર હર્ષોઉલ્લાસ સાથે શ્રી રીણાભાઇ કે કીડીયાતરનુ સ્વાગત કર્યું હતું.

## રસ્સાખેંચ પ્રતિયોગિતા

સરકારી વિનયન કોલેજ, ભેસાણમાં તારીખ 26 ઓગસ્ટ 2023 ના રોજ સરકારી વિનયન કોલેજ ભેસાણમાં 'સપ્તધારા' પ્રકલ્પ હેઠળ વ્યાયામ ખેલકૂદ યોગધારા અંતર્ગત રસ્સાખેંચ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં રમત પ્રત્યે જાગૃતિ લાવવાનો તેમજ રૂચી કેળવવાનો રહ્યો હતો. ખેલકૂદથી માનવી શારીરિક રીતે સબળ અને સક્ષમ બને છે. રમતગમતથી વિદ્યાર્થીઓમાં પરિસ્થિતિ અનુસાર નિર્ણય લેવાની સમજ શક્તિમાં પણ વધારો થાય છે. આ ઉદાત્ત ભાવનાથી રસ્સાખેંચ સ્પર્ધાનું આયોજન કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સરોજબેન નારીગરાની પ્રેરણા તથા માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સપ્તધારાના મુખ્ય કો - ઓર્ડીનેટર ડૉ. અજયભાઈ જોશી તથા વ્યાયામ ખેલકૂદ યોગધારાના કોર્ડીનેટર ડૉ. સંજય એલ. બંધિયાના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું. રસ્સાખેંચ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા તેમજ આ સ્પર્ધામાં B ટીમ વિજેતા જાહેર થઈ હતી, જેમાં વોરા દિશાંત સમા શકીલ, ડેર કુલદીપ, ગુજરાતી કુમન, સુખદેવ તથા ગમરા સોમજી વિજેતા જાહેર થયા હતા.



## સંસ્કૃત દિવસ

સરકારી વિનયન કોલેજ, ભેસાણમાં તારીખ 28 ઓગસ્ટ 2023 ના રોજ “સંસ્કૃત ભારતી તથા સરકારી વિનયન કોલેજ, ભેસાણના




સંસ્કૃત વિભાગના સંયુકત ઉપક્રમે સંસ્કૃત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં દેવવાણી સંસ્કૃત પ્રત્યે જાગૃતતા તથા વર્તમાન સમયમાં સંસ્કૃતની ઉપાદેયતા વિશે માહિતગાર કરવાનો રહ્યો હતો. આ કાર્યક્રમમાં સરકારી પ્રાથમિક શાળા જીન પ્લોટના શિક્ષક ડૉ. કિશોર શેલડીયા મુખ્ય અતિથિ દ્વારા બીજરૂપ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. જેમાં સંસ્કૃત ભાષાની વૈજ્ઞાનિકતા તથા સંસ્કૃતનું વર્તમાન સમયમાં મહત્વ વિષય ઉપર ચિંતનશીલ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન સંસ્કૃત વિષયના અધ્યાપક ડૉ. અજયકુમાર એલ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે વકતૃત્વ સ્પર્ધા તથા શ્લોક ગાન પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વક્તૃત્વ સ્પર્ધામાં સાવલિયા કુંજ પ્રથમ જયારે હોથી શેજાદ દ્વિતીય અને મારડિયા ટ્વિંકલબેન તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો તેમજ શ્લોકગાન સ્પર્ધામાં ગોહેલ ક્રિનાબેન પ્રથમ, ખુમાણ રવી દ્વિતીય અને લાઠીયા ખુશીબેન તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. આ તમામ વિજેતા વિદ્યાર્થીઓને ડૉ. અજય એલ જોશી દ્વારા પુરસ્કાર આપવામાં આવ્યા હતા તેમજ ડૉ. કિશોર શેલડીયા દ્વારા વિજેતા વિદ્યાર્થીઓને સંસ્કૃતના ગ્રંથ આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે ડૉ. સરોજબેન નારીગરા, ડૉ. સંજય એલ. બંધીયા તથા ડો. પંકજકુમાર સોલંકી દ્વારા મહત્વની ભૂમિકા ભજવવામાં આવી હતી. કાર્યક્રમની આભાર વિધિ ડૉ. વિશ્વજીત એ.

કવા દ્વારા કરવામાં આવી હતી. પ્રસ્તુત પ્રોગ્રામમાં સમગ્ર કોલેજ પરિવાર ઉપસ્થિત રહી અને સંસ્કૃત દિવસની રંગેસંગે ઉજવણી કરી.

## Achievements

➢Dr. Yogeshkumar V. Pathak has attended training for principal organized by KCG from 31st July 2023 to 4th August 2023.

➢Dr. Parshottam Vishnudas Guranani has published an article " In a Free state by V.S. Naipaul in the book " Indians, Indianness and the Booker Prize : At a glance" in July 2023.

➢Dr. Parshottam Vishnudas Guranani has published an article " The Emergence of Folklore in William Dalrymple's Nine Lives : In the search of Sacred in India' in the book " Heritage and Management Theory and Praxis ".

➢Dr. Parshottam Vishnudas Guranani has presented a paper on environment national conference organized at Government Arts and Commerce College, Vanthali.

➢Dr. Sanjay L Bandhiya has presented a paper on environment national conference titled **"हिंदी काव्य में पर्यावरण चेतना"** organized at Government Arts and Commerce College, Vanthali

➢Dr. Ajay L Joshi has published paper under title **"સંસ્કૃત ભાષા અને વિશ્વબંધુત્વ"** in one a conference organized on 'ભારતીય ભાષાઓ અને સંસ્કૃતિનું પુનરુત્થાન રાષ્ટ્રીય શિક્ષણનીતિ (૨૦૨૦)ના સંદર્ભમાં" on 5th August 2023, by Gujarat Sahitya Academy, Gandhinagar.

➢Dr. Ajay L Joshi has attended one day seminar on 'ભારતીય ભાષાઓ અને સંસ્કૃતિનું પુનરુત્થાન રાષ્ટ્રીય શિક્ષણનીતિ (૨૦૨૦)ના સંદર્ભમાં and published paper under title

"સંસ્કૃત ભાષા અને વિશ્વબંધુત્વ" on 5th August 2023 organized by Gujarat Sahitya Academy, Gandhinagar.

- Dr. Ajay L Joshi has presented a paper on environment national conference titled "भारतीय संस्कृतिमे पर्यावरण का महत्व" organized at Government Arts and Commerce College, Vanthali.
- Dr. Ajay L Joshi has published paper under title "लोकमेले में संस्कृति दर्पण" in 'Akshar Varta Antarrashtriy Masik Shodh Patrika'.
- Dr. Ajay L Joshi has published paper under title "Air and Water Pollution: Hazard to Human Health.
- Mr. Nitin J Gajera has attended One Week National Workshop on "KOHA OSLS" from 4th August to 8th August 2023 organized by Central University of Punjab.

| મુખ્ય સંપાદક | સહ-સંપાદક |
|---|---|
| શ્રી નીતિન જે. ગજેરા,<br>ડૉ. પી. વી. ગુરનાણી, ડૉ. એસ. એલ બંધીયા<br>સરકારી વિનયન કોલેજ<br>ભેસાણ | ડૉ. સરોજબેન નારીગરા, ડૉ. પી. એમ. સોંદરવા,<br>પ્રા. એમ. એમ. વાઘેલા, પ્રા. સતીષ એ. મેઘાણી,<br>ડૉ. એ. એલ. જોશી, શ્રી એસ. એમ. ચૌહાણ,<br>શ્રી આર. કે. કોડીયાતર<br>સરકારી વિનયન કોલેજ, ભેસાણ |

**પ્રકાશક**

ડૉ. યોગેશકુમાર વી. પાઠક
પ્રિન્સીપાલ
સરકારી વિનયન કોલેજ
ભેસાણ

*સરકારી વિનયન કોલેજ, નવા બસ સ્ટેશન સામે, વિકાસ ગ્રાઉન્ડ, ભેસાણ - ૩૬૨ ૦૨૦*
*ફોન નં. 02873 253020, E-mail: principalbhesan@gmail.com*